# ભરૂચ પોલીસે પાંચ જુગારીને ઝડપી પાડયા

। ભરૂચ ।

ભરૂચ એલસીબીએ નંદેલાવ ગામની નવી નગરી પાછળ ખુલ્લામાં જુગાર રમતા પાંચ જુગારીઓને ૨૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

ભરૂચ એલસીબી પોલીસનો સ્ટાફ ભરૂચ શહેરમાં પેટ્રોલીંગમાં હતો તે દરમ્યાન બાતમી મળી હતી કે, નંદેલાવ ગામની નવી નગરી પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ભેગા થઈ જુગાર રમી રહ્યા છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા પોલીસે સ્થળ પરથી રોકડા અને બે ફોન મળી કુલ ૨૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

કસક પોલીસ ચોકીની પાછળ રહેતો જુગારી ઉસ્માન આદમ પટેલ, મહંમદ મુસ્તાક સૈયદ, સુનીલ ઉર્ફે રાકેશ વસાવા, રોહિત મુકેશ વસાવા અને દેવેન્દ્ર શાંતિલાલ વસાવાને પોલીસે ઝડપી પાડયા હતા. સાથે પોલીસની કાર્યવાહીથી વિસ્તારમાં ચાલી રહેલા જુગારના અડ્ડા પર દોડધામ મચી ગઈ હતી.

જોઈએ છે (મેલ-ફીમેલ)
- સ્ટોર એડમિનિસ્ટ્રેટર (કોમ્પ્યુટરના જાણકાર)
TITAN - સેલ્સ માટે (યુવક-યુવતી)

**DATE: 28/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સારંગપુરની મંગલદીપ સોસાયટીમાં થોડા દિવસ અગાઉ ચોરીની ઘટના બની હતી

# અંકલેશ્વરમાં ₹ 8.33 લાખની ધાપ મારનારો સિકલીગર ભરૂચ પોલીસના હાથે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં આવેલ મંગલદીપ સોસાયટીના એક મકાનમાં સોના-ચાંદીના ઘરેણા અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 8 લાખ 33 હજાર ની ચોરીમાં પોલીસે એક રીઢા ચોર ને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે

સારંગપુર વિસ્તારમાં આવેલ આવેલ મંગલદીપ સોસાયટીમાં રહેતા સંજય ત્રિપાઠી પોતાના પરિવાર સાથે સુઈ રહ્યા હતા તે દરમિયાન તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવ્યું હતું તસ્કરો એ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. રૂમમાં સંજય ત્રિપાઠી તેમજ બીજા રૂમ માં સુતેલી તેમની માતાના રૂમ ના દરવાજા ને બહાર થી બંધ કરી તસ્કરો એ એક રુમમાં તિજોરી તોડી તેમાંથી રૂપિયા 8.18 લાખના સોના ચાંદી ના દાગીના અને રોકડા રૂપિયા 5 હજાર મળી કુલ રૂપિયા 8.33 લાખની ચોરી કરી ગયા હતા ભરૂચ સી ડિવિઝન પોલીસે ભરૂચના કસક પાસે ની નવીનગરી વિસ્તારમાં રહેતો જસબીરસીંગ જોગિન્દર સિંગટાંકની ધરપકડ કરી હતી .અને તેની સઘન પૂછપરછ કરતા તેણે સારંગપુરની મંગલદીપ સોસાયટી માં ચોરી કરી હોવાની કબૂલાત કરી કરતા તેનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવાયો છે. આરોપી અગાઉ કોઈ ચોરીમાં સંડોવાયેલો છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરાઈ હતી. અંકલેશ્વર શહેર તથા તાલુકામાં વધી રહેલાં ચોરીના બનાવોના લીધે લોકોને જાનમાલની ચિંતા સતાવી રહી છે અને પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માગ ઉઠી રહી છે. આવા સંજોગોમાં પોલીસ પણ તસ્કરોને ઝડપી પાડવા માટે કવાયત કરી રહી છે.

**DATE: 28/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ભરૂચમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બાઈક ચાલકો સામે પોલીસની લાલ આંખ

ભરૂચ તા.૨૭

ભરૂચ પોલીસ દ્વારા માર્ગ સલામતી માસ અંતર્ગત ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

## બાઈકમાં મોડિફાઈડ સાઈલન્સર લગાવતા ચાલકો સામે પોલીસની દંડનીય કાર્યવાહી

ભરૂચ ટ્રાફિક પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટરના સુપરવિઝન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં મોડીફાઈડ સાઈલેન્સર ધરાવતા બાઈક ચાલકો સામે તવાઈ બોલાવી હતી. કાનનો પડદો ફાડી નાખે તેવા અવાજ કરતા બાઈકના સાઈલેન્સર ધારકો સામે પોલીસે દંડનીય કાર્યવાહી કરી હતી.

શહેરના ઝાડેશ્વર રોડ, ઝાડેશ્વર ચોકડી સહિતના વિસ્તારોમાં પોલીસ દ્વારા આ ડ્રાઈવ કરી હતી જેમાં ટ્રાફિક પોલીસના કર્મચારીઓ જોડાયા હતા.તાજેતરમાં જ રાજકોટમાં આવા ૩૫૦ જેટલા સાઈલેન્સર પર બુલડોઝર ફેરવી દીધું હતું.

ભરૂચ પોલીસે પણ લોકોને ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા સાઈલન્સરનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે. તેની સાથે જ કાર પર બ્લેક ફિલ્મ પણ દૂર કરી હતી. આવનારા દિવસોમાં પણ આ ઝુંબેશ પોલીસ દ્વારા ચાલુ રાખશે.

**DATE: 28/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચના દહેજ બાયપાસ પર હની સ્પાના સંચાલકની ધરપકડ, એક ફરાર

# પોલીસે ડમી ગ્રાહક મોકલીને સ્પાની આડમાં કૂટણખાનું ઝડપી પાડ્યું, 3 યુવતી મળી આવી

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



વર્તમાન સમયમાં બોડી સ્પાની આડમાં કુટણખાના ધમધમી રહયાં છે ત્યારે ભરૂચ એ ડિવિઝન પોલીસે દહેજ બાયપાસ રોડ પર હની સ્પા પર ડમી ગ્રાહક મોકલી કુટણખાનું ઝડપી પાડી સંચાલકની ધરપકડ કરી છે.

ભરૂચના દહેજ બાયપાસ રોડ ઉપર રંગ પ્લેટીનમ કોમ્પ્લેક્ષમાં ચાલતા દેહ વ્યાપારનો પર્દાફાશ એ ડિવિઝન પોલીસે કર્યો છે.એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં 11 અરજી આવી હતી. જેમાં જણાવ્યા અનુસાર ભરૂચના દહેજ બાયપાસ રોડ ઉપર રંગ પ્લેટીનમ કોમ્પ્લેક્ષમાં હની સ્પાના ઓથા હેઠળ કૂટણખાનું ચાલી રહ્યું છે જે અરજીઓને લઈ પોલીસ સબ ઈન્સપેક્ટર એ.વી.શિયાળિયા સહીત સ્ટાફે ડમી ગ્રાહક તૈયાર કર્યો હતો. ડમી ગ્રાહકે સ્પામાં જઈને સંચાલક સાથે વાતચીત કરતાં યુવતી શરીરસુખ માટે તૈયાર થતાં તેણે પોલીસને ફોન કરી જાણ કરતાં દરોડો પાડયો હતો. સ્પાની તલાશી લેવામાં આવતાં તેમાંથી 3 યુવતીઓ મળી આવી હતી. સ્થળ પરથી અલ્તાફ હમીદઅલી ( રહે. દુકાન નંબર-205, રંગ પ્લેટીનમ કોમ્પલેક્સ)ની ધરપકડ કરવામાં આવી હતી. તેની સામે ઈમોરલ ટ્રાફિકિંગ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કેસમાં નવજીવન સોસાયટીમાં રહેતાં ઈસીપ અરૂણ પટેલને ફરાર જાહેર કરી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. સ્થળ પરથી 8570 રૂા. રોકડા અને મોબાઈલ મળી 13 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**DATE: 28/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-11**

ગુનો કર્યા બાદ ઉત્તર પ્રદેશ નાસી ગયો હતો

# GIDC પોલીસે દુષ્કર્મના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો

## પોલીસે UP ના ગૌરીગંજ પોલીસ પાસેથી ટ્રાન્સફર મેળવ્યા

। અંક્લેશ્વર ।

યુવતીને ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસ સ્ટેશનની હદમાં આશિષકુમાર શિવકુમાર યાદવએ લગ્નની લાલચ આપી તેણી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. જે બાદ યુવતીને તરછોડી ભાગી ગયો હતો અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકના દુષ્કર્મના ગુનામાં સંડોવાયેલ આરોપીની ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી હતી.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ની હદમાં રહેતી યુવતીને ગત તારીખ-૨૪ જાન્યુઆરી ૨૦૨૪થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસ સ્ટેશનની હદમાં આશિષકુમાર શિવકુમાર યાદવએ લગ્નની લાલચ આપી તેણી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. વતીને ગત તારીખ-૨૪ જાન્યુઆરી ૨૦૨૪થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસ સ્ટેશનની હદમાં આશિષકુમાર શિવકુમાર યાદવએ લગ્નની લાલચ આપી તેણી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હ

જે બાદ યુવતીને તરછોડી ભાગી ગયો હતો.યુવતીએ યુવાન વિરુદ્ધ ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.જે ફરિયાદને લઈ અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે જીરો નંબરથી ફરિયાદ દાખલ કરી હતી તે દરમિયાન ઉત્તર પ્રદેશના ગૌરી ગંજ પોલીસે નરાધમની ધરપકડ કરી જી.આઈ.ડી.સી. પોલીસ મથકનો સંપર્ક કરતા પોલીસે ટ્રાન્સફર વોરંટથી આરોપીની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 29/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### જંબુસરના તલાવપુરા વિસ્તારમાં

# તળાવ કિનારે જુગાર રમતાં ૭ જુગારીને પોલીસે ઝડપ્યા

। જંબુસર ।

જંબુસરના તલાવપુરા વિસ્તારમાં તળાવ કિનારે જુગાર રમતાં ૭ જુગારીઓને પોલીસે ઝડપી લઈ તેમની પાસેથી રોકડ રકમ, મોબાઈલ તથા મોટર સાયકલ મળી રૂા.૧,૫૪,૯૩૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે એક જુગારી ફરાર થઈ ગયો હતો. જેને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

જંબુસર પોલીસ મથકના પી. આઈ એ.વી.પાણમીયાના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ્પેક્ટર પી.એન. વલવી તથા સ્ટાફ ના માણસો પેટ્રોલિંગ મા હતાં, ત્યારે તલાવપુરામાં તળાવ કિનારે કેટલાક ઈસમો પત્તા-પાના વડે જુગાર રમી રહયા હોવાની બાતમીના આધારે પોલીસે ત્યાં છાપો મારી જુગાર રમતા તોસીફ ઉર્ફે ભગત કાલુભાઈ શેખ, ઈર્શાદ બેગ આબેદબેગ મિર્ઝા, ફૈજુલ ગુલામ મલેક, રવીદાસ સુકા વાઘેલા, જાવીદ અબ્દુલ હફીજ મલેક, સલમાન ઉર્ફે જુદ્દી ઈસ્માઈલ પટેલ, ઈકરમ સિકંદર મલેકને જુગાર રમતાં ઝડપી પાડ્યા હતાં. જ્યારે સાજીદ ઉર્ફે અંદો શેખ નાસી ગયો હતો.

**એક જુગારી ફરાર, રૂા.૧.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત**

**DATE: 29/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# સજાના વોરંટની બજવણી ટાળવા નાસતો ફરતો રાણીપુરા ગામનો આરોપી ઝડપાયો

ઝઘડિયા તા.૨૮

ભરૂચ જિલ્લામાં ઉચ્ચ અધિકારીઓ તરફથી નાસતા ફરતા તેમજ વોન્ટેડ આરોપીઓને પકડી લઈ કાયદેસર કાર્યવાહી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપવામાં આવેલી હતી.તેના અનુસંધાને ઝઘડિયા પીઆઈએ પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવીને અસરકારક કામગીરી કરવા સુચના અને માર્ગદર્શન આપેલુ હતુ.

## ભરણપોષણના કેસમાં રકમ ચૂકવવાના કોર્ટના હુકમની અવગણના કરનાર આરોપીને સજા કરી હતી

આ દરમિયાન ઝઘડિયા તાલુકાના રાણીપુરા ગામના અલ્પેશભાઈ રાયમલભાઈ વસાવાને નામદાર ફેમિલી કોર્ટ ઝઘડિયાએ હુકમ કરેલો ભરણપોષણના કેસમાં માસિક રૂ.૪૦૦૦ પેટે કુલ રૂ.૩,૧૭૫૦૦ ની રકમ તેણે અરજદારને ચુકવી ન હતી.તે કોર્ટના હુકમની અવગણના કરતો હોવાથી નામદાર કોર્ટ દ્વારા આરોપીને કસુરવાર ઠેરવી સજા કરવામાં આવી હતી.નામદાર કોર્ટે દ્વારા આરોપીને સજા વોરંટ ઈશ્યુ કર્યુ હતુ પરંતું આરોપી વોરંટની બજવણી ના થાય તે માટે નાસતો ફરતો હતો.દરમિયાન ઝઘડિયા પોલીસને બાતમી મળેલ કે આ ઈસમ પોતાના ઘરે આવેલો છે,મળેલી બાતમીના આધારે પોલીસે સદર ઈસમને પકડી લઈને ભરૂચ સબ જેલમાં મોકલી આપ્યો હતો.

**DATE: 29/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વર પંથકમાં દેશી દારૂના હબ ગણાતા

# અમરતપરા ગામમાંથી દેશી દારૂ બનાવવા માટેનો વોશ ઝડપાયો

અંકલેશ્વર તા.૨૮

અંકલેશ્વર તાલુકાના અમરતપુરા ગામ કે જે દેશી દારૂ ગાળવા માટેનુ મોટુ હબ ગણાય છે ત્યાંથી એ ડિવિઝન પોલીસે દેશી દારૂ ગાળવા માટેનો તૈયાર વોશનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## પોલીસે એક હજાર લીટર ભરેલા પાંચ બેરલ જપ્ત કરી બૂટલેગરને વોન્ટેડ જાહેર કર્યો

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે અમરતપરાનો પરેશ ઉર્ફે પલયો જયવર્ધન વસાવા અમરતપરા ગામ ખાતે એરપોર્ટ જવાના રસ્તા તરફ આવેલ તળાવની પાસે આવેલ બાવળની ઝાડીમાં દારૂ ગાળવા માટેનો વોશના બેરલો સંતાડી રાખ્યા છે.તેવી બાતમીના આધારે રેઈડ કરતા તળાવની પાસે આવેલી ઝાડીમાં દેશી દારૂ ગાળવા માટેનો તૈયાર વોશ ૧૦૦૦ લીટર જેની એક લીટરની કિંમત રૂ.૨૫ લેખે કુલ કી.રૂ.૨૫,૦૦૦ નો પ્લાસ્ટીકના બેરલ નંગ.૦૫ માં સંતાડી રાખેલ હાલતમાં મળી આવ્યો હતો. જોકે બુટલેગર પરેશ વસાવા મળી આવ્યો ન હોતો.આથી પોલીસે તમામ વોશના બેરલો જપ્ત કરી પરેશ વસાવાને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ આરંભી હતી.

**DATE: 29/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### અંકલેશ્વરના ગડખોલ પાટિયા નજીક

# દુકાનની આડમાં ગેસ રીફિલિંગ કરતા શખ્સની ધરપકડ કરાઈ

। ભરૂચ ।

ભરૂચ એસઓજીની ટીમે અંકલેશ્વરના ગડખોલ પાટિયા નજીક દુકાનની આડમાં એક બોટલમાંથી બીજામાં ગેસ રિફિલિંગ કરતા એક ઈસમને ઝડપી લીધો હતો.

ભરૂચ એસઓજીની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળેલ કે ગડખોલ પાટિયા નજીક ચંડાલ ચોકડી મહિન્દ્રાનગર ખાતે આવેલ શિવશંકર એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં ઉદય મંડલ નામનો એક ઈસમ ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરે છે. એસઓજી ની ટીમે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને તપાસ કરતા સદર દુકાનમાં ૧૫ કિલોની ગેસની બે બોટલો તેમજ ૦૫ કિલોની બે બોટલો ઉપરાંત ગેસ રિફિલિંગ પાઈપ નંગ-૦૧ તથા એક ઈલેકટ્રીક વજન કાંટો મળી આવેલ. પોલીસે દુકાનમાંથી મળેલ ગેસ રિફિલિંગ કરવાનો આ સામાન કુલ રૂા.૫,૫૦૦ની કિંમતનો કબજે કર્યો હતો.

અનઅધિકૃત અને સળગી ઉઠે તે રીતે એક ગેસની બોટલમાંથી બીજી બોટલમાં ગેસ ટ્રાન્સફર કરવાના ગેસ રિફિલિંગના ગુના હેઠળ સદર ઈસમ ઉદયકુમાર કુલદિપ મંડલ રહે. મહિન્દ્રા નગર, ચંડાલ ચોકડી, ગડખોલ પાટિયા પાસે, અંકલેશ્વર અને મુળ રહે.બિહારનાને ઝડપી લઈને તેના વિરૂધ્ધ અંકલેશ્વર શહેર બી ડિવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી હતી.

**પોલીસે પાંચ સિલિન્ડર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો**

**DATE: 29/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### જમીનની લે-વેચમાં છેતરપિંડી કરતી ટોળકી સામેના

# અંકલેશ્વર GIDC પો.સ્ટે.ના ગુનામાં ૧૨ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

## આરોપીને પોલીસે વડોદરા ખાતેથી બાતમીના આધારે ઝડપી પાડયો

| ભરૂચ |

અંકલેશ્વરમાં જમીન સસ્તા ભાવે ખરીદ કરાવી ધાર્મિક સંપ્રદાયને 'મોટા નફા સાથે વેચાવડાવી દેવાની લાલચ આપી ઠગતી ટોળકીના સાગરિતને છેલ્લા ૧૨ વર્ષથી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભરૂચ એ. ડીવીઝન પોલીસે વડોદરા ખાતેથી ઝડપી પાડયો છે.



ભરૂચ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે પરિણામલક્ષી કામગીરી કરવા સ્પેશીયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યુ હતુ જે અનુસંધાને ભરૂચ શહેર એ. ડીવીઝનના પીઆઈ વી.યુ.ગડરીયા અને કે.એમ.વ્યાસના માર્ગદર્શન આધારે નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. આ સમયે પોલીસ સ્ટેશનના સર્વેલન્સ ટીમને મળેલી બાતમી હકીકત આધારે ટેકનીકલ વર્કઆઉટ મારફતે જાણવા મળેલ કે, અંકલેશ્વર જીઆઈડીસમાં જમીન સસતા ભાવે ખરીદ કરાવી ધાર્મિક સંપ્રદાયને મોટા નફા સાથે વેચાવડાવી દેવાની લાલચ આપી ઠગતી ટોળકીના સાગરિતને છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી ભરત મનજી ગઢાદરા ઉર્ફે ભરત મનજી પટેલ ઉર્ફે દર્શન શાહ ઉર્ફે સ્નેહલ મોરડીયા હાલમાં વડોદરા આજવા ચોકડી ખાતેથી ઝડપી પાડ્યો હતો.

**DATE: 30/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝઘડિયા ચોરી કેસમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ એ.કે.જાડેજાની આગેવાની હેઠળની ટીમે ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના દુધાળા ગામેથી એક વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે.પકડાયેલા આરોપીની ઓળખ રાકેશ સેકુભાઈ ડાવર તરીકે થઈ છે, જે છેલ્લા ત્રણ વર્ષથી ઝઘડીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના કેસમાં ફરાર હતો. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને આરોપીને શોધી કાઢ્યો હતો.

**DATE: 30/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJATMITRA PAGE-07**

# 3 વર્ષથી ફરાર આરોપી નેત્રંગથી ઝડપાયો

ભરૂચ: ભરૂચ LCBની ટીમ નેત્રંગ પોલીસમથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી જગદીપ ઉર્ફે બાબર જેહરસીંગ વસાવા (રહે., ઝરગામ, તા.ડેડિયાપાડા) પોતાના ઘરે હાજર છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડી આરોપી જગદીપ વસાવાની ધરપકડ કરી હતી અને તેને સી ડિવિઝન પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. આરોપી છેલ્લાં 3 વર્ષથી ચોરીના ગુનામાં ફરાર હતો.

**DATE: 30/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# જીતાલી ગામે જાહેરમાં જુગાર ખેલતા ૩ જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા.૨૯

અંકલેશ્વર તાલુકાના જીતાલી ગામે જાહેરમાં પતા પાનાનો જુગાર ખેલતા ત્રણ જુગારીઓને રૂરલ પોલીસે ઝડપી પાડ્યા હતા.

અંકલેશ્વર રૂરલ પોલીસને બાતમી મળી હતી કે ધજીતાલી ગામે ઝાડી ઝાંખરાવાળા ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે રેઈડ કરતા ત્રણ જેટલા જુગારીઓ ઝડપાઈ ગયા હતા. પોલીસે તેમની પાસેથી અંગ ઝડતીના રોકડા રૂ. ૩૩૭૦ તથા દાવ પરના રોકડા રૂ.૩૫૦ મળી કુલ રૂ. ૩૩૨૦ના મુદામાલ સાથે અટકાયત કરી હતી.પોલીસે જીતાલી ગામના હર્ષ જીતેન્દ્ર મહેતા,સુનીલ મનહર વસાવા,નિલેષ ચતુર વસાવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 30/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વર સહિત રાજ્યમાં 7 સ્થળોએ ગુના નોંધાયેલાં છે

# જમીન દલાલીના નામે ઠગાઈ કરતો આરોપી 13 વર્ષે વડોદરાથી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

જમીન સસ્તા ભાવે ખરીદી ધાર્મિક સંપ્રદાયો મોટા નફા સાથે વેચવાની લાલચ આપનાર ઠગ 13 વર્ષે આખરે વડોદરાથી ઝડપાયો છે.અંકલેશ્વર સહિત રાજ્યના 7 ગુનામાં ફરાર આરોપી વડોદરામાં રહેતો હોવાની બાતમી મળતાં ભરૂચ એ ડિવિઝન પોલીસે દરોડો પાડી તેને દબોચી લીધો હતો.

2012 માં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે જમીન સસ્તા ભાવે ખરીદી કરાવી ધાર્મિક સંપ્રદાયોને મોટા નફા સાથે વેચાવડાવી દેવાની લાલચ આપતી છેતરપિંડી કરતી ટોળકી સામે ફરિયાદ નોંધાઈ હતી. 13 વર્ષથી પોલીસને હાથતાળી આપી રહેલા જમીન દલાલએ 2007થી અમરેલી, નવસારી, અંકલેશ્વર, વડોદરા, બોટાદ અમદાવાદ, સુરત અને ગોંડલ મળી આ જ પધ્ધતિથી અનેક લોકો સાથે છેતરપિંડી કરી હોવાની વિગતો સામે આવી છે. ભરૂચ એ ડિવિઝન પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા હાથ ધરેલા અભિયાન દરમિયાન આરોપી વડોદરામાં રહેતો હોવાની માહિતી મળી હતી.

જેના આધારે દરોડો પાડી તેને ઝડપી લેવાયો હતો. આજવા ચોકડી વિસ્તારમાંથી મહાઠગ ભરત મનજી ગઢાદરા ઉર્ફે ભરત મનજી પટેલ, ઉર્ફે દર્શન શાહ, ઉર્ફે સ્નેહલ મોરડીયા ને ઝડપી પાડ્યો હતો.

આરોપીને ભરૂચ લઈ આવી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસના હવાલે કર્યો હતો.ઉલ્લેખનીય છે કે આરોપી બાર વર્ષ સુધી વિવિધ સ્થળોએ નામ બદલીને છુપાતો ફરતો હતો.તે ક્યાં છુપાયો હતો એ દિશા પોલીસે તપાસ આદરી છે.

**DATE: 30/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### ભરૂચના રતન તળાવ વિસ્તારમાં

# દોઢ વર્ષ પહેલા થયેલી ઘરફોડ ચોરીમાં વૉન્ટેડ આરોપી વડોદરાથી ઝડપાયો

## પોલીસે આરોપી પાસેથી ચોરી કરેલો મુદ્દામાલ રિકવર કર્યો

| ભરૂચ |

ભરૂચના રતન તળાવ વિસ્તારમાં દોઢ વર્ષ પહેલા થયેલી ઘરફોડ ચોરીમાં નાસતા ફરતા ચીકલીગર આરોપીને પોલીસે ઝડપી પાડયો છે. પોલીસે ચોરીમાં ગયેલો મુદ્દામાલ રીકવર કર્યો છે.

ભરૂચ એ.ડીવીઝન પીઆઈ વી. યુ.ગડરીયાના માર્ગદર્શન હેઠળ રતન તળાવ વિસ્તારમાં આશરે દોઢ વર્ષ પહેલા થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી અમરસીંગ ઉર્ફે પાપ્ય ઉર્ફે લખનસીંગ લોહરસીંગ બાવરી (ચીકલીગર) રહે.સોમા તળાવ વડોદરા શહેરનો આરોપી હાલ સયાજીગંજ વડોદરા ખાતે હાજર હોવાની માહિતી મળતા ટીમે સ્થળ પરથી આરોપીને ઝડપી પાડીને ભરૂચ



ખાતે લઈ આવી ગુના બાબતે પુછપરછ કરતા પોતે આ ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો હોવાની કબુલાત કરી હતી. આ આરોપીના કોર્ટમાંથી એક દિવસના રિમાન્ડ મેળવી પુછપરછ કરતા આરોપીઓ પોતે ચોરી કરીને સોનાના દાગીના પોતાના સહઆરોપી કર્નેલસિંગ ઉર્ફે પિલુસિંગ મારફતે ભરૂચ લલ્લુભાઈ ચકલા ખાતે આવેલા એક સોનીને ત્યાં ગિરવે મુકેલા અને ચોરીમાં ગયેલો મુદ્દામાલ ગિરવે રાખનાર સોનીની દુકાન બતાવેલી હતી. જેથી પોલીસે મુદ્દામાલ ગિરવે રાખનાર સાહેદ સોનીને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી સદર આરોપીઓ દ્વારા ગિરવે આપવામાં આવેલો મુદ્દામાલ બાબતે પુછતા સાહેદ સોની દ્વારા આરોપીએ ગિરવે મુકેલ દાગીના લાંબા સમય સુધી પરત છોડાવવા ન આવતા ઓગાળી નાંખવામાં આવ્યા હતા. પોલીસે સોની પાસેથી સોનાની રણી રૂા.૨,૮૪,૦૦૦ અને ગુનામાં વપરાયેલુ બાઈક કબ્જે કર્યું છે. આરોપી વિરૂધ્ધમાં વડોદરા જિલ્લામાં પણ ગોત્રી, ગોરવા, પાણીગેટ અને સયાજીગંજ પોલીસ મથકમાં પણ ગુનાઓ નોંધાયેલા છે.

### અંકલેશ્વરમાં તેરા તુજકો અર્પણ અભિયાન

# પોલીસે ગુમ કે ચોરી થયેલા મોબાઈલ માલિકોને પરત કર્યા

। અંકલેશ્વર ।

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફ્રેન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી, આધારે અંકલેશ્વર ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફ્રેન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી જેના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.પોલીસે કેન્દ્ર સરકારના સી.ઈ .આઈ.આર.પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલ મોબાઈલ ફ્રેન એકટીવ થયા હતા જેને સ્ટ્રેસ કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. પોલીસે રૂ.૧.૧૪ લાખની કિંમતના ૯ મોબાઈલ ફ્રેન મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે. વર્ષ ૨૦૨૪માં જીઆઈડીસી પોલીસે



રૂ.૧૦.૪૭ લાખની કિંમતના ૫૭ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા. તેરા તુજકો અર્પણ અભિયાન હેઠળ પોલીસ દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે.

## પોલીસે પાંચ સિલિન્ડર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

**DATE: 31/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 2.75 લાખની કિંમતના મોબાઈલ પરત સોંપ્યા

# પોલીસે ચોરી થયેલા 13 ફોન મૂળ માલિકને પરત કર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત ગુમ અથવા ચોરી થયેલા રૂ.2.75 લાખની કિંમતના 13 મોબાઈલ મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે.



આ સાથે જ મોબાઈલ ચોરી થવા અથવા ગુમ થવાના બનાવ માં શું કરવું તેની માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે સૌ પ્રથમ ગુગલ પરથી WWW.CEIR.GOV.IN પર જવાનું તેમાં ગુમ અથવા ચોરી થયેલ મોબાઈલ અંગેની માહિતી આપવાથી તમને એક આઈ.ડી.મળશે તેના આધારે તમે તમારા ચોરી થયેલ મોબાઈલ નું સ્ટેટસ ચેક કરી શકો છો. આજ પોર્ટલ પરથી તમે મોબાઈલ પણ બ્લોક કરાવી શકો છો.

**DATE: 31/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# અંકલેશ્વરમાં ટ્રકમાંથી 239 ઘેટાં-બકરાંને મુક્ત કરાયાં, 3 પશુનાં મોતની આશંકા

**5 આરોપી** સામે કાર્યવાહી, એક ટ્રક કબજે કરાઈ



અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરમાં જાગૃત નાગરિક અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં પશુઓની ગેરકાયદે હેરાફેરી કરતી રાજસ્થાની પાંચ ઈસમ સાથે એક ટ્રક પકડી પાડવાની ઘટના સામે આવી હતી.

અંકલેશ્વરના જાગૃત નાગરિક દિનેશભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે રાજપીપળા ચોકડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. ભરૂચ ટોલનાકા તરફથી આવી રહેલી શંકાસ્પદ ટ્રક નં.(GJ-01,DZ-6977)ને રોકીને તપાસ કરતાં તેમાંથી 239 ઘેટાં અને બકરાં મળી આવ્યાં હતાં. આ પશુઓમાંથી 2-3 પશુઓનાં મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ટ્રકચાલક પાસે પશુઓની હેરફેર માટેના કાયદેસરના દસ્તાવેજો માંગ્યા હતા, પરંતુ તે રજૂ કરી શક્યો ન હતો. પોલીસે તમામ જીવિત પશુઓને મુક્ત કરાવ્યા હતા, જેમાં ટ્રકચાલક કૈલાસચંદ્ર, રમેશજી ભગુજી ફટીક, રામચંદ્ર ભગુજી ફટીક, મણીલાલ રામાજી ફટીક અને ધુલિયા વલમા ફટીક (તમામ રહે., ડુંગરપુર, રાજસ્થાન) સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

**DATE: 31/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### દહેજ નજીક ન્યૂ વડિયામાં ઘટના બની હતી

# ઝઘડાની રીસમાં હત્યા કરનાર આરોપીને પોલીસે દબોચી લીધો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ



દહેજ નજીક આવેલાં ન્યૂ વાડિયા ગામે કુલદીપ હાઉસમાં એક રૂમમાં રહેતાં કામદારો પૈકીના બે શ્રમિકો રાકેશસિંઘ તેમજ પરમેશ્વર દયાલ વચ્ચે ગત 26મી જાન્યુઆરીએ કોઇ બાબતે તકરાર થતાં બન્ને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. દરમિયાનમાં આસપાસના અન્ય લોકો દોડી આવતાં તેઓએ તેમને છુટા પાડતાં તેઓ પોતપોતાના રૂમમાં ગયાં હતાં. બાદમાં પરમેશ્વર તેના હાથમાં બેટ લઈને તેમના રૂમ પર ગયો હતો. અને આરામ કરી રહેતાં રાકેશ પર બેટના ફટકા મારી દેતાં તેનું સારવાર વેળાં મોત નીપજ્યું હતું. જેના પગલે દહેજ પોલીસે હત્યાનો ગુનોનોંધ્યો હતો. દરમિયાનમાં દહેજના પીઆઈ એચ.બી. ઝાલા તેમજ તેમની ટીમે ફરાર હત્યારાને શોધવાની કવાયત હાથ ધરતાં તે જોલવા ગામ પાસે આવેલાં ટ્રક પાર્કિંગની આસપાસ છુપાયેલો હોવાની માહિતી મળતાં ટીમે તેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 31/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### બોરસદના ઠગાઇના કેસમાં પોલીસ લઇ ગઇ

# જામીન પર છૂટ્યા બાદ કોર્ટમાં હાજર ન રહેતાં ચિંતનની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચની એક રાજકિય મહિલા આગેવાનને સોશિયલ મિડીયામાં બદનામ કરવાના અને તેની પાસેથી રૂપિયા ઠગાઇ કરવાના કારસામાં વડોદરાના વાઘોડિયા ખાતે રહેતો ચિંતન પ્રભુદાસ પટેલ અગાઉ પકડાયો હતો. દરમિયાનમાં તેણે શરતી જામીન મેળવ્યાં હતાં. જોકે, કોર્ટમાં તે મુદતમાં હાજર રહેતો ન હોવાથી તેનો પકડ વોરન્ટ કાઢ્યો હતો. જેથી તે પોલીસ પકડથી બચવા માટે નાસતો ફભરતો હતો. બીજી તરફ 8 જાન્યુઆરીએ બોરસદમાં તેની સામે વિદેશમાં નોકરીના વિઝા અપાવવાના બહાને ઠગાઈ કરી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. દમરિયાનમાં ભરૂચ પોલીસને તે વડોદરાના જ દિનદયાલ આવાસ યોજનાના મકાનમાં રહેતો હોવાની બાતમી મળતાં ટીમે તેને ત્યાંથી ઝડપી પાડ્યો હતો. તેના જામીન થતાં બોરસદ પોલીસે તેનો કબજો મેળવી તેને સાથે લઈ ગઈ હતી.

**DATE: 01/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલે.માં ચેક બાઉન્સનો નાસતો આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન ના કર્મચારીઓ દ્વારા એડી.સિનિયર સિવિલ જજ ની એ.સી. જે.એમ કોર્ટ અંકલેશ્વર દ્વારા ચેક બાઉન્સમા 138 માં રકમ ભરવામાં કસુર થયેલ આરોપી રિયાજ અહેમદ ઠારુન રસિદ મુલ્લા છ માસ ની મુદત સુધી ની સાદી કેદની સજા ફરમાવવામાં આવેલ જે આરોપી વિરુદ્ધ કોર્ટ દ્વારા સજા વોરન્ટ ઈસ્યુ કરવામાં આવ્યો અને આરોપી પોલીસ પકડથી નાસતો ફરતો હતો.જેને બાતમી આધારે વાલિયા ચોકડી પાસેથી ઝડપી પાડયો હતો.

**DATE: 01/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઘરફોડ ચોરીના ગુનામાં 3 માસથી ફરાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનોમાં ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ માસથી વોન્ટેડ ઝરણા ગામ નો સુરેશ ફુલ સિંગ ભાઈ વસાવા ઘરે હાજર છે.જે બાતમી ના આધારે નેત્રંગ પોલીસ ની ટીમે દરોડા પાડી સુરેશ વસાવા ની ધરપકડ કરી તેને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને હવાલે કર્યો હતો. આરોપી 3 મહિના સુધી કયાં છુપાતો ફરતો હતો અને તેને કોણે આશરો આપ્યો હતો સહિતની વિગતો પોલીસ મેળવી રહી છે.

**DATE: 01/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વર શહેરમાં અન્ય થયેલી 5 ચોરીઓમાં પણ સંડોવણી સામે આવી

# સારંગપુરના બંધ મકાનમાં 8.33 લાખની ચોરીમાં ઝઘડિયાના પિતા-પુત્ર સકંજામાં

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના સારંગપુર ની મંગલદીપ સોસાયટી માં થયેલ 8.33 લાખની ચોરી માં ઝઘડીયાના પિતા- પુત્રની ધરપકડ કરી હતી.પોલીસે ચોરી ના ભરૂચ ના સીકલીગર ગેંગના સસરા, સાળા સાથે ચોરીઓને અંજામ આપનાર બનેવી અગાઉ ઝડપાયો હતો. 2016 થી 2024 દરમિયાન અમદાવાદ, વડોદરા, ભરૂચ જિલ્લા માં 30 થી વધુ ચોરી ને અંજામ આપ્યો હતો. તો અંકલેશ્વર શહેરમાં થયેલી 5 ચોરીમાં પણ સંડોવણી સામે આવી હતી.

બનાવની વિગતો અનુસાર ભરૂચ એલસીબી ગત 19મી ડિસેમ્બરના રોજ સતવંત સિંગ ઉર્ફે સંતુ ટાંક ને ઝડપી પાડ્યો હતો. તેની કડક પૂછપરછ કરતા તેને ચોરીની કબૂલાત કરી હતી અને તેને પોતાનો સાળો સોનુ સિંગ અધોટી (સીકલીગર) જોડે ચોરીને અંજામ આપ્યો હતો અને




ચોરી માં મળેલા દાગીના સસરા અજીત સિંગ અધોટી ( સીકલીગર) ને વેચવા આપી દીધા હતા. જે સસરા અને સાળાને જીઆઈડીસી પોલીસ મથકે વોન્ટેડ હતા. જે અંગે જીઆઈડીસી પોલીસ ઝગડીયા ના દધેરા ગામ ખાતે થી સોનુ સિંગ અધોટી (સીકલીગર) સસરા અજીત સિંગ અધોટી ( સીકલીગર) ઝડપી પાડ્યા હતા. અને સતવંગસિંગ ઉર્ફે સંતુ ટાક એ આપેલા દાગીના કોને વેચ્યા છે તે અંગે પૂછપરછ શરુ કરી હતી. ભરૂચ શહેર તથા જિલ્લામાં ચોરીના વધી રહેલાં બનાવોના પગલે સતર્ક બનેલી પોલીસે બાતમીદારોને સક્રિય કરી તસ્કર ટોળકીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

DATE: 01/02/2025 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-07

### ભરૂચની એસઓજી પોલીસની કાર્યવાહી

# નેત્રંગ તા.ના અશનાવી ગામમાંથી ડીઝલ ચોરીનો પર્દાફાશ કર્યો

## સ્થળ પરથી એક વ્યકિતને ઝડપી પાડી મુદ્દામાલ કબ્જે લીધો

| ભરૂચ-નેત્રંગ |

ભરૂચની એસઓજી પોલીસે નેત્રંગના અશનાવી ગામમાંથી ડીઝલ ચોરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે સ્થળ પરથી એક વ્યકિતને ઝડપી પાડી એક લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ભરૂચ એસઓજી પોલીસે નેત્રંગ તાલુકાના અશનાવી ગામમાંથી ડીઝલ ચોરીનો પર્દાફાશ કરી રૂા.૧.૪૧ લાખના મુદ્દામાલ સાથે ઈસમને ઝડપી પાડયો હતો. ભરૂચ એસઓજી પોલીસની ટીમ નેત્રંગ તાલુકામાં પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે, નેત્રંગ તાલુકાના અશનાવી ગામના પાદરે રહેતો હરેશ વસાવા તેના ઘરની સામે બનાવેલ ઓરડીમાં ગેરકાયદેસર રીતે ડીઝલનો જથ્થો સંગ્રહ કરી વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા જેમાં અલગ અલગ બેરલમાં શંકાસ્પદ ૧૫૨૦ લીટર ડીઝલનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે હરેશ મનુ વસાવાની અટકાયત કરી હતી. ડીઝલના જથ્થા અંગે પુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ નહી આપતા પોલીસે તેની ધરપકડ કરી રૂા.૧.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 01/02/2025 CATEGORY: GREEN E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રોકડા 2.10 લાખ, 22 મોબાઇલ-એક કાર મળી 7 લાખનો મુદ્દામાલ જપ્ત

# ટંકારિયા ગામે જુગારના અડ્ડા પર એલસીબીના દરોડા, 25 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ટંકારિયા ગામે વડદોરા, સુરત, જંબુસર સહિત અન્ય વિસ્તારોના ખેલીઓ માટે દોઢ-બે મહિનાથી ચાલતાં જુગારના અડ્ડા પર રાત્રીના સમયે એલસીબીની ટીમે દરોડો પાડી 25 જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે 10ને વોન્ટેડ જાહેર કર્યાં હતાં. ટીમે સ્થળ પરથી રોકડા 2.10 લાખ તેમજ 22 મોબાઈલ અને એક કાર તેમજ જુગારના અન્ય સાધનો મળી કુલ 7 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભરૂચ તાલુકાનું ટંકારિયા ગામ છેલ્લાં ઘણા વર્ષોથી જુગારના અડ્ડાને લઈને કુખ્યાત બન્યું છે. ભુતકાળમાં બિલાલ લાલન નામનો શખ્સ મોટા પાયે જુગારનો અડ્ડો ચલાવતો હતો. જેમાં વડોદરા, સુરત અને ભરૂચ સહિત અન્ય જિલ્લાઓમાંથી ખેલીઓ લાખોનો જુગાર રમવા આવતાં હતાં. હવે બિલાલના જ ભત્રીજાઓ ઈકરામ ઈનાયત લાલન તેમજ મોહસીન ઈનાયત લાલન (બન્ને રહે. એસટી કોલોની, ટંકારિયા)એ પુનઃ ટંકારીયા ગામે અડોલ રોડ પર એસટી કોલોનીની પાછળ ખુલ્લામાં મોટાપાયે જુગારનો અડ્ડો શરૂ કર્યો હતો. છેલ્લાં દોઢ-બે મહિનાથી ચાલતાં અડ્ડાને લઈને ભરૂચ એલસીબીની ટીમે ગઈકાલે રાત્રીના સમયે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે સ્થળ પરથી મુખ્ય સુત્રધાર ઈમરાન લાલન સહિત કુલ 25 જુગારિયાઓને ઝડપી પાડી 2.10 લાખની રોકડ તેમજ 22 મોબાઈલ, 1 કાર અને જુગાર રમવાના સાધનો મળી 7 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે મુખ્યસત્રધારના ભાઈ મોહસીન લાલન સહિત 10ને વોન્ટેડ જાહેર કર્યાં હતાં.



એલસીબીની ટીમે દરોડો પાડી 25 જુગારિયાઓને ઝડપી પાડ્યાં

## 6 વર્ષ પહેલાં કાકો બિલાલ ઝડપાયો હતો

6 વર્ષ પહેલાં ટંકારિયા ગામે રહેતાં બિલાલ લાલને ગામના મજીદ ઉર્ફે લખામામા નામના શખ્સના તબેલાના વાડામાં જુગારનો મસમોટો અડ્ડો જમાવ્યો હતો. વડોદરા, સૂરત અને ભરૂચ સહિત અન્ય જિલ્લામાંથી જુગાર રમતાં આવતાં 150થી 200 જુગારિયાઓ દરરોજ લાખોનો જુગાર રમાડતો હતો. 6 વર્ષ પહેલાં પણ એલસીબીની ટીમે દરોડો પાડી 100થી વધુ સામે ગુનો નોંધ્યો હતો

## પોલીસ પર પહેરો રાખવા 8 પોઈન્ટ પર પન્ટરોની ફિલ્ડિંગ

પોલીસનો દરડો પડવાની શક્યતાઓને લઈને ઈકરામ અને ઈનાયતે ગામ તરફ આવવાના માર્ગો પર આઠથી વધુ પોઈન્ટ પર પોતાના પન્ટરો તૈનાત કર્યાં હતાં. સુરત-વડોદરા હાઈવે પર વરેડિયા પાસે સમા હોટલ પર, અડોલ ગામ પાસે, ઘોડી ગામના રોડ પર, હિંગલ્લા ચોકડી પર, પાલેજ તરફથી આવતાં રોડ પર કંબોલી ગામ પાસેના પોલ્ટ્રીફાર્મ પર, ટંકારિયા ગામના વળાંક પર તેમજ ગામના મોટા ભીલવાડાના બન્ને છેડા પર ઈકરામ અને ઈનાયતના માણસો પોલીસની અવર-જવર પર નજર રાખતાં હતાં. જોકે, પોલીસે ઝાડીઓમાં થઈને સ્થળ પર પહોંચી ઓપરેશન પાર પાડ્યું હતું.

**DATE: 02/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-00**

# વાલિયા પોલીસે 11 ગુમ થયેલા મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત આપ્યા



ભરૂચ: વાલિયા પીઆઈ એમ.બી.તોમર અને પીએસઆઈ કે.બી.ડોડિયાની ટીમે CEIR પોર્ટલની મદદથી કુલ રૂ. 1,71,985ની કિંમતના 11 મોબાઈલ શોધી કાઢ્યા હતા. પોલીસે આ તમામ મોબાઈલ તેમના મૂળ માલિકોને સોંપ્યા હતા.

**DATE: 02/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# શેરપુરા ગામે જુગાર રમતા 5 ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના શેરપુરા ગામની સીમમાં આવેલાં ઠાગ્યા કોલાનીમાં લાઇટના થાંભલા નીચે કેટલાંક શખ્સોએ જુગારની મહેફીલ જમાવતાં એ ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે જુગાર રમતાં અજીમ પટેલ, આબીબ પટેલ, સાજીદ સખીદાસ, નઈમ પટેલ તેમજ ઝાકીર સોમજીની ધરપકડ કરી હતી. તેમજ રોકડા 36 હજાર,5 મોબાઈલ મળી 86 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 02/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રાજ્યકક્ષાના વિદેશમંત્રીના કથિત કેર ટેકરની ઓળખ આપી

# કેનેડાના વિઝાના બહાને ઠગનાર અમદાવાદનો મહા ઠગ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના રહિશને એક શખ્સે પોતે રાજ્યકક્ષાના વિદેશમંત્રીના કેરટેકર હોવાનું જણાવી તેમને વાતોમાં ભોળવી કેનેડાના વિઝા અપાવવાના બહાને 9.54 લાખની ઠગાઈ કરી હતી. જે અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતાં ટીમે અમદાવાદ તેના ઘરેથી જ તેને દબોચી 3.50 લાખ રૂપિયા રીકવર કર્યાં હતાં.

ભરૂચના એક રહિશને કેનેડાના વિઝિટર વિઝા લેવા હોઈ તેઓ તે માટેના પ્રયાસ કરી રહ્યાં હતાં.દરમિયાનમાં તેઓ તેમના એક પરીચિતના માધ્યમથી અમદાવાદના નાના ચિલોડા ખાતે આવેલાં પાર્થ બંગ્લોમાં રહેતો મનમોહન આનંદસ્વરૂપ શ્રીવાસ્તવ સંપર્કમાં આવ્યો હતો. તેણે પોતાની ઓળખ રાજ્યકક્ષાના વિદેશમંત્રીના કેર ટેકર તરીકે ઓળખ આપી તેમનું વિઝાનું કામ કરાવીઆપવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેમને દિલ્હી ખાતે બોલાવી ત્યાં વિદેશમંત્રી સાથે ફોટા પડાવ્યાં હતાં. તબક્કાવાર રીતે તેમને વિશ્વાસમાં લઈ ભોળવી તેમની પાસેથી અલગ અલગ સમયે કુલ 9.54 લાખ લઈ લીધાં હતાં. અને વિઝા પણ કરાવી આપ્યાં ન હતાં. જેથી તેની સામે તેમણે એ ડીવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી હતી. જે પૈકીને એક ટીમ તેના ઘરની આસપાસ વોચમાં હતી. દરમિયાનમાં તે તેના ઘરે આવ્યો હોવાનું માલુમ પડતાં ટીમે તેને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 02/02/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### કદવાલી ગામના બસ સ્ટેન્ડ નજીક

# ચા નાસ્તાની દુકાનની પાછળના ભાગેથી દારૂનો જથ્થો ઝડપાયો

ઝઘડિયા તા.૧

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી નજીક કદવાલી ગામના બસ સ્ટેન્ડ પાસેની એક ચા નાસ્તાની દુકાનની પાછળના ભાગે વેચાણ માટે સંતાડી રાખેલ વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી લીધો હતો.

## કુલ રૂ.૫૪ હજારનો મુદ્દામાલ કબજે લઈ બે શખ્સો સામે ગુનો દાખલ કર્યો

રાજપારડી પોલીસમાંથી મળતી વિગતો મુજબ રાજપારડી પીઆઈના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમને પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે કદવાલી ગામનો વિશાલ ચીમનભાઈ વસાવા કદવાલીના બસ સ્ટેન્ડ નજીક ચા નાસ્તાની દુકાનના પાછળના ભાગે વિદેશી દારૂ સંતાડી રાખીને વેચાણ કરે છે.પોલીસે બાતમી મુજબના સ્થળે રેઈડ કરીને તપાસ કરતા દુકાનની પાછળના ભાગે ઝાડીઓમાંથી વિદેશી દારૂનો રૂ.૪૯,૦૪૮ ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો આ જથ્થો તેમજ ૧ મોબાઈલ મળીને કુલ રૂ.૫૪,૦૪૮ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.સ્થળ ઉપર હાજર મળેલ ઈસમ અજય રમણભાઈ વસાવા રહે.ગામ બલેશ્વર તા.ઝઘડિયા જિ.ભરૂચનાને ઝડપી લીધો હતો.

આ ગુના હેઠળ અજય વસાવા તેમજ અન્ય ઈસમ વિશાલ ચીમનભાઈ વસાવા રહે. ગામ કદવાલી તા.ઝઘડિયા જિ. ભરૂચના વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.